## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




હવે મ મુછો અને બાવડા વધાર્યે કામ નહી લાગે.... સાયબર ક્રાઇમ પડકવા બુધ્ધી વધારવી પડશે..!!

# સેક્ટર-૭ એ બંધ મકાનમાં તસ્કરો ત્રાટક્યા : ૧૩.૪૨ લાખની ચોરી

**ઘરના પાછળના દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશી બેડરૂમના કબાટમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડા રૂ.૬૦ હજાર સહિત રૂ.૧૩ લાખથી વધુની ચોરી કરી ચોર શખ્સો પલાયન,**

ગાંધીનગર, તા.૨૭

શહેરના સેક્ટર-૭ એ માં બંધ મકાનમાં તસ્કરોએ ત્રાટકી ઘરમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી કુલ રૂ.૧૩,૪૨,૪૦૦ ની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા છે. પરિવારના સભ્યો ભાણીના લગ્ન પ્રસંગે મુંબઈ અને ઘરના વડીલ ફોઈનું મરણ થતા અમદાવાદ રખીયાલ રોકાયા હતા. તે દરમિયાન ઘરના પાછળના દરવાજાનું તાળુ તોડી ઘરમાં પ્રવેશી પ્રમથ માળે બેડરૂમના કબાટમાંથી ચીજવસ્તુઓ લઈ ચોરીને અંજામ આપ્યો છે. બનાવ અંગે સેકટર-૭ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૭ એ પ્લોટ નં.૨૭૨-૧ ખાતે રહેતા રાજકુમાર જ્ઞાનચંદ જૈન (ઉં.૬૨) પરિવાર સાથે રહે છે અને કંસ્ટ્રકશન કામ સાથે સંકળાયેલ હતા. પરંતુ છેલ્લા એક દાયકાથી નિવૃત જીવન પસાર કરી રહ્યા છે. તેઓના પરિવારમાં તેમની પત્ની તેમજ દિકરો અને પુત્રવધુ છે. ગત તા.૨૧ ફેબુઆરીના રોજ રાત્રીના સાડા આઠેક વાગે અમદાવાદ રખીયાલ ખાતે રહેતા તેઓના ફોઈ મરણ જતા ઘરને લોક મારી બેસણામાં ગયા હતા. ત્યાં રાજકુમાર જૈન રોકાયા હતા. જયારે પરિવારના સભ્યો ભાણીના લગ્ન પ્રસંગે મુંબઈ ગયા હતા.જયારે તા.૨૬ ફેબુઆરીના રોજરાત્રીના નવ વાગે ગાંધીનગર ઘરે પરત ફરીને જોયુ તો ઘરના પાછળના દરવાજાનું લોક તુટેલી હાલતમાં હતું. જેથી ઘરમાં ચોરી થઈ હોવાનું જાણ થઈ હતી. જેથી ઘરમાં તપાસ કરતા પ્રથમ માળે બેડરૂમમાં લાકડાના કબાટનું લોક તોડી નાંખ્યુ હતુ અને તેમાં રહેલો સામાન વેર-વિખેર પડ્યો હતો. જયારે કબાટમાં તપાસ કરતા સોનાનો સેટ નંગ-૨, સોનાના પાટલા નંગ-૬, સોનાની સાદી ચેઈન નંગ-૪,સોનાની અંગુઠી નંગ-૪, સોનાનું બ્રેસલેટ, સોનાનું મંગળસુત્ર, સોનાની કાનમાં પહેરવાની બુટ્ટી ૫ જોડી, ચાંદીની પાયલ, રોકડા રૂ.૬૦ હજાર ચોરી કરી પલાયન થઈ ગયા છે. પરિવાર મુંબઈ લગ્ન પ્રસંગમાં હાજરી આપવા માટે ગયો હતો તે સમયે ચોર શખ્સો બંધ મકાનમાં ત્રાટકી પાછળના દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશી બેડરૂમની તિજોરીમાંથી રોકડા રૂ.૬૦ હજાર મળી સોના-ચાંદીના દાગીના મળી કુલ રૂ.૧૩ લાખથી વધુની મત્તાની ચોરી થતા ચકચાર મચી જવા પામી છે. બનાવ અંગે સેકટર-૭ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

● આજે સોમવારનો દિવસ જાહેર જનતા માટે નિયત કરાયો હોવા છતાં ઘણા અધિકારીઓ મિટીંગમાં વ્યસ્ત હોવાથી મુલાકાતીઓને રાહ જોવી પડી હતી.

● ગાંધીનગર શહેરમાં ગરમીનો પ્રકોપ વધતાં આજે બપોરના સમયે રસ્તાઓ પર વાહન-વ્યવહાર ઘટ્યો હતો.

● ગાંધીનગર શહેરમાં ટ્રાફિક અવેરનેસ માટે વિવિધ માર્ગો પર ‘‘પહેલાં જુઓ પછી જાઓ’’, ‘‘ગતિ મર્યાદા’’ જેવા બોર્ડ લગાવવાના શરૂ થયા છે.

● ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

● દહેગામના દેવ. મુવાડા ગામની સીમની નર્સરી પાસે અજાણ્યા બાઈકચાલકે ટક્કર મારતાં મહિલા ઈજાગ્રસ્ત થઈ છે.

● કલોલ જઈ રહેલા પિતા-પુત્રને બંધક બનાવી પાંચ શખ્સોએ રૂ. ૩.૫૦ લાખની લૂંટ ચલાવતાં ચકચાર મચી જવા પામી છે.

● કલોલ એલસીબી ટીમે પાનસર ત્રણ રસ્તા પાસેથી રિવોલ્વર અને ૩ કારતુસ સાથે એક ઈસમને ઝડપી લીધો છે.

● માણસાના ધમેડા ગામે એક યુવાનનું બાઈક સ્લીપ થઈ જતાં મોત નીપજવાના અહેવાલ છે.

● પેથાપુર પાસેથી એલસીબીએ રૂ. ૨૬૦૦થી વધુ મત્તાનો દારૂ પકડ્યો છે.

● દહેગામ કોલેજ પાસે અકસ્માત થતાં એક્ટીવાચાલક ઘવાયો છે.

● દેવકરણના મુવાડા પાસે કાર અને મીની ટ્રક વચ્ચે અકસ્માત થતાં ચાર ઈજાગ્રસ્ત થયા છે જે પૈકી એકની હાલત નાજુક હોવાનું જાણવા મળેલ છે.

● કાંકરોલી પ.પૂ. ગોસ્વામી ૧૦૮ વ્રજેશકુમાર મહારાજના વૈકુંઠગમનના સમાચારોથી ગાંધીનગર વૈષ્ણવ સમાજના રહીશોમાં શોકની લાગણી પ્રસરી છે.

● ગાંધીનગર શહેરમાં આજે ૮ લોકોને કોરોના પ્રિકોશન ડોઝ અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવ્યા છે.

● શહેરમાં જોરશોરથી શરૂ કરાયેલી દબાણ હટાવ ઝુંબેશની કામગીરી ધીમી પડતાં લોકોમાં અનેકવિધ અટકળો સાથે ચર્ચાઓ શરૂ થઈ છે.

● ગાંધીનગર શહેરમાં સે. ૨૨માં આવેલ આયુર્વેદ હોસ્પિટલને હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર તરીકે ડેવલપ કરવામાં આવી રહી છે.

● ગાંધીનગર શહેરના જાહેર માર્ગો પર મુકાયેલી કચરાપેટીઓ નિયમિત રીતે ઉપડતી નહિ હોવાથી તે ઉભરાઈ અને આસપાસમાં ગંદકી ઉભી કરી રહેલ છે.

● ગાંધીનગર શહેર-જિલ્લામાં હાલ પરીક્ષાનો માહોલ બન્યો છે.

● ગરમીના પ્રકોપને પગલે વીજ ઉપકરણો શરૂ થઈ જતાં વીજમાંગ વધી છે.

## થિયોસોફિકલ સોસાયટી દ્વારા નડિયાદ ખાતે નવી લોજનો ઉદઘાટન સમારોહ યોજાયો



થિયોસોફિકલ સોસાયટી દ્વારા નડિયાદ ખાતે નવી લોડનો ઉદઘાટન સામારોહ ડૉ બાબા સાહેબ આંબેડકર હોલમાં આયોજીત કરવામાં આવ્યો હતો. જેમાં સંતરામ મંદિરના મહંત ઉપસ્થિત રહ્યા હતા અને થિયોસોફિકલ લોજ નડિયાદને ખૂબ વિકાશ કરે તેવા આશીર્વાદ આપ્યા હતા. આ કાર્યક્રમમાં ગાંધીનગરના થિયોસોફિકલ લોજના પ્રમુખ અને સાહિત્યકાર સમાજ સેવી ડૉ ગુલાબ ચંદ પટેલનું પુષ્પ ગુચ્છ આપી સન્માન નડિયાદ લોજના મંત્રી પ્રોફેસર મધુબેન મકવાણા દ્વારા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું

આ પ્રસંગે ડૉ ગુલાબ ચંદ પટેલ દ્વારા પ્રવચન કરવામાં આવ્યું હતું અને થિયોસોફિકલ લોજ નડિયાદ ના પ્રમુખ મનુ ભાઈ રાઠોડ તથા મંત્રી મધુ બેન મકવાણા ને હાર્દિક શુભ કામનાઓ પાઠવી હતી. ડૉ પટેલ દ્વારા હોલ ખાતે ઉપસ્થિત તમામ લોકોને આમંત્રણ આપ્યું હતું કે જ્યારે પણ ગાંધીનગર ખાતે લોજનું ઉદઘાટન સમારોહ હોય ત્યારે તમામ લોકોએ ઉપસ્થિત રહેવું.

## પેથાપુર જીવન વિકાસ કેન્દ્ર સંસ્થામાં ચડ્ડીબનીયનધારી ટોળકી ત્રાટકી : રૂ.૬૬ હજારની ચોરી

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર પેથાપુર-રાંધેજા રોડ પર આવેલી જીવન વિકાસ કેન્દ્ર સંસ્થામાં ચડ્ડી બનીયનધારી ટોળકી ત્રાટકી હતી.

આ ટોળકીએ ઓફિસના નકુચા તોડીને બે ઓફિસની તિજોરીનો સામાન વેર વિખેર કરી રોકડ રકમ અને બે ડીવીઆર મળી કુલ રૂ.૬૬ હજારની ચોરી કરી બુકાનીધારી શખ્સો ફરાર થઈ ગયા છે. જયારે પેથાપુર પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર-રાંધેજા રોડ પર આવેલી જીવન વિકાસ કેન્દ્ર ખાતે નિયામક તરીકે છેલ્લા ચાર વર્ષથી ઝેવીયર જેમ્સ લીનસ સેવા આપે છે. ગતરોજ ઝેવીયર જેમ્સ લીનસ સંસ્થાના કામથી જંખવાવ ખાતે ગયા હતા. તે સમયે તેમની સંસ્થાના સીસ્ટર વનિતાબેનનો ફોન આવ્યો હતો અને જણાવ્યું હતું કે સંસ્થામાં ચોરી થઈ છે.

જેથી સંસ્થાના કોઓર્ડીનેટર નિતિનભાઈ મકવાણાને ફોન કરી પોલીસનો સંપર્ક કરવા જણાવ્યું હતું. ત્યારબાદ ઝેવીયર જેમ્સ લીનસે આવીને જોયુ તો સમૃધ્ધી સેવા સંગની બિલ્ડીંગમાં ભોંયતળીયે આવેલ ઓફિસના મુખ્ય દરવાજાનો નકુચો તુટેલી હાલતમાં હતો.

જયારે અંદર જઈને તપાસ કરી તો તિજોરીમાંથી રોકડા રૂ.૨૦ હજાર મળી આવ્યા ન હતા. જયારે બીજી બાજુમાં આવેલી વહીવટી ઓફિસના લોક પણ તુટેલા હતા.

સંસ્થાના ઓકસીલેયરમ ટ્રેનીંગ ઈન્સ્ટીટયુટના બિલ્ડીંગમાં પણ ચોરી થયાનું જાણવા મળ્યું છે.સમાજ કાર્યની ઓફિસમાંથી રોકડા રૂ.૪૦ હજાર મળી આવ્યા ન હતા.

જયારે ટોળકી સીસીટીવી ફુટેજના ડીવીઆર પણ ઉઠાવી ગઈ હતી. જયારે સીસીટીવી ચેક કરતા રાત્રીના સમયે ૪ થી ૫ બુકાનીધારી ચડ્ડી બનીયાનધારી શખ્સો ત્રાટકી રૂ.૬૦ હજાર રોકડા અને રૂ.૬ હજારના બે ડીવીઆર ચોરી કરી પલાયન થઈ ગયા છે.

જયારે ચોર શખ્સો રાત્રીના એક વાગ્યાની આસપાસ ચાર થી પાંચ શખ્સો બુકાનીધારી સીસીટીવીમાં કેદ થયા છે. બનાવ અંગે પેથાપુર પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



ગુજરાત સંસ્કૃત પાઠશાળા શિક્ષક મંડળ દ્વારા સંસ્કૃત સાધના યોજનાનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. શિક્ષકોએ સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા પ્રદર્શન કરતા પોલીસે તેમની અટકાયત કરી હતી.

## સુરત મનપાની મલ્ટીપર્પઝ હેલ્થવર્કરની પરિક્ષા આપતો બોગસ ઉમેદવાર ઝડપાયો

**શહેરની વીપીએમપી કોલેજમાંથી ઝડપાયેલ ઉમેદવાર પાસેથી બે મોબાઈલ મળી આવ્યા**

ગાંધીનગર, તા.૨૭

શહેરની સેકટર-૧૫ સ્થિત વીપીએમપી પોલીટેકનીક કોલેજ ખાતે સુરત મહાનગર પાલિકાની મલ્ટીપર્પઝ હેલ્થ વર્કરની પરિક્ષામાં ખોટા કોલ લેટર સાથે પરિક્ષા આપવા માટે આવેલ એક ઉમેદવારને મોબાઈલ સાથે પકડી પાડતા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ ચાંદખેડા જીટીયુ યુનિવર્સિટીના રજીસ્ટ્રાર નારાયણભાઈ ખેરને ગતરોજ કોલેજના પરિક્ષા નિયામક ઈન્ચાર્જ વિરલ બોરીસાગર દ્વારા જાણ કરવામાં આવી કે સુરત મહાનગર પાલિકાની મલ્ટીપર્પઝ હેલ્થ વર્કર પરિક્ષા ગાંધીનગર સેકટર-૧૫ વીપીએમપી પોલીટેકનીક કોલેજ યુનિટ-૨ માં ચાલી રહેલી પરિક્ષામાં ઉમેદવાર હોલ ટીકીટ સાથે ચેડા કરી પરિક્ષા આપતા રંગેહાથ ઝડપાયો છે. જેમાં ઉમેદવારનું નામ વિપુલ ગોવિંદભાઈ ગોરડ હતું.પરંતુ તેની અંગજડતી દરમિયાન બે આધારકાર્ડ મળી આવ્યા હતા. જેમાં બંનેમાં અલગ અલગ નામ હતા. જેથી યુવકની કડક પુછપરછ કરતા તેને પોતાનું નામ ચોચા હિતેશ વકતામભાઈ કહ્યું હતું. યુવક પાસેથી પરિક્ષાના બે પ્રવેશપત્ર મળી આવ્યા હતા. ઉમેદવારનું નામ અંગ્રેજીમાં વિપુલકુમાર ગોવિંદભાઈ ગોરડની વિગતો મળી હતી. બંન્ને હોલ ટીકીટમાં અલગ અલગ ફોટા પૈકી એકમાં સાચા ઉમેદવાર વિપુલ ગોરડનો ફોટો હતો. જયારે બીજી હોલ ટીકીટમાં પોતાનો ફોટો લગાવેલ હતો. જયારે આ યુવક પાસેથી બે મોબાઈલ ફોન પણ મળી આવ્યા હતા. ઉમેદવાર ગોરડ વિપુલકુમાર ગોવિંદભાઈના આધારકાર્ડ તેમજ પ્રવેશપત્રમાં ચોચા હિતેશ વકમાતભાઈએ પોતાના ફોટા ચીપકાવ્યા હતા. ખોટા કાગળો બનાવી સુરત મહાનગર પાલિકાની મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની પરિક્ષામાં ખરા તરીકે રજુ કરી પ્રવેશ મેળવ્યો હતો. ત્યારે મલ્ટીપર્પઝ હેલ્થ વર્કરની પરિક્ષા દરમિયાન બોગસ ઉમેદવાર મોબાઈલ સાથે ઝડપાઈ જતા બંને શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ભાજપના મહિલા લાભાર્થીઓ સાથે ‘એક કરોડ સેલ્ફી અભિયાન’નો ગાંધીનગર ખાતે પ્રારંભ

**મહિલા લાભાર્થી સાથે એક કરોડ સેલ્ફી અભિયાન ફેબ્રુઆરી-૨૦૨૪ સુધી ચાલશે**

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર મહાનગર ભારતીય જનતા પાટી મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના સુકાન હેઠળની કેન્દ્ર સરકાર તેમજ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓની મહિલા લાભાર્થીઓ સાથે ‘એક કરોડ સેલ્ફી અભિયાન’નો રાજયવ્યાપી પ્રારંભ કેન્દ્રીય સંગઠનના માર્ગદર્શન મુજબ કરવામાં આવ્યો જે અંતર્ગત ગાંધીનગર મહાનગર ખાતે પ્રદેશ મહિલા મોરચાના અધ્યક્ષા ડૉ. દિપીકાબેન



સરડવાની અધ્યક્ષતામાં તેમજ ભાજપા રાષ્ટ્રીય સંગઠનના મંત્રી અલકાબેન ગુર્જર અને રાજ્ય સરકારના કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયાની વિશેષ ઉપસ્થિતિમાં ઉમિયા માતાજી મંદિર સંસ્થાન સેકટર-૧૨ ખાતે કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો જેમાં મહાનગર ભાજપા પ્રમુખ ઋચિર ભટ્ટ, મેયર હિતેશ મકવાણા, મહિલા મોરચાના પ્રદેશ હોદ્દેદારો, મહાનગર મહિલા મોરચા પ્રમુખ પ્રિયા પટેલ, મહિલા કોર્પોરેટરો તેમજ મહાનગર સંગઠનના મહિલા હોદ્દેદારો, કાર્યકર્તા બહેનો તેમજ મોટી સંખ્યામાં લાભાર્થી મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

## સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સેક્ટર-૨૮ ખાતે ગાંધીનગરમાં આવતીકાલે મેગા જોબફેર યોજાશે

ગાંધીનગર, તા.૨૭

જીલ્લારોજગારવિનિમય કચેરી/મોડલ કેરિયર સેન્ટર ગાંધીનગર કચેરી દ્વારા ૦૧માર્ચ,૨૦૨૩ના રોજ સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સેક્ટર-૨૮ ગાંધીનગર ખાતે સવારે ૧૦:૦૦ વાગ્યે રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવેલ છે.જે અંતર્ગત સ્વરોજગાર લક્ષી યોજનાઓની માહિતીનોલાભ લઈ શકશે. જેમાં ૩૦થી વધુ કંપનીઓ ભાગ લેશે. ધોરણ-૧૦ અને ૧૨ પાસ, ગ્રેજ્યુએટ,પોસ્ટ ગ્રેજ્યુએશન, આઈ. ટી. આઈ, ડીપ્લોમાં ઉમેદવારો ભાગ લઈ શકશે.આથી રોજગારવાન્છું યુવાનો વિવિધ રોજગારીની તકોથી વંચિત ન રહે તથા નોકરીદાતાઓને રોજગાર કચેરી દ્વારા સતત કુશળ માનવબળ પ્રાપ્ત થઈ શકે તે હેતુસર રોજગાર ભરતીમેળા અંગે જીલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર દ્વારા આગામી સમયમાં આયોજન થનાર છે. જેથી ભરતીમેળાનોલાભ લેવા જણાવવામાં આવે છે. ઉપરોક્ત યોજાનાર રોજગાર ભરતી મેળામાં જીલ્લાના તમામ રોજગારવાન્છું ઉમેદવારોને મોટી સંખ્યામાં ભાગ લેવા જણાવવામાં આવે છે.



સેકટર ૫ વસાહત મંડળના પ્રમુખ કેશરીસિહ બિહોલા તથા વસાહત મંડળના અગ્રણીઓ ધનશાયમસિહ ગોલ, મુળસિહ ચાવડા ,પી વી જેઠવા, આર જી દવે, વાસુદેવ ભાઈ સુથાર, જે વી પટેલએ મનપાના મેયર હિતેશભાઈ મકવાણાની મુલાકાત લઈ સેકટર ૫ વસાહતીઓની સમસ્યાઓ અંગે ધ્યાન દોરી રજુઆત કરવામાં આવી હતી જેમાં (૧) સેકટર ૫ સરકારી ખુલ્લી જમીનમાં વધતી ઝુંપડપટ્ટી દબાણો (૨) પાણીની લાઈન નાખવા માટે આડેધડ કરવામાં આવેલ ખોદકામનુ માટીપુરાણ વ્યવસ્થિત કરવામાં આવે તથા ઉડતી ધૂળ પર પાણી છંટકાવ કરવો (૩) સિનિયર સિટીઝન હોલ બનાવવામાં આવેલ છે જેમાં લાઈટ વ્યવસ્થા બાબત (૪) સેકટરમાં સરકારી ખાલી જગ્યા માટે દબાણો વધે નહીં જે અટકાવવા તાર ફેન્સીંગ કરવામાં આવે (૫) સેકટરમાં નિયમિત સાફસફાઈ વગેરે પ્રશ્નોની ચર્ચા કરી સાંભળવામા આવ્યા અને સત્વરે નિરાકરણ લાવવા ખાત્રી આપવામાં આવી હતી

## જી-૨૦ અંતર્ગત ગૂજરાત વિદ્યાપીઠ સાદરા ખાતે વ્યાખ્યાન યોજાયું

મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના સરદાર પટેલ ઉપાસના મંદિરમાં આજે જી-૨૦ અંતર્ગત માળખાકિય અને સૈદ્ધાંતિક માહિતી આપતું



વ્યાખ્યાન યોજાયું છે. અંતર્ગત પ્રા. બળદેવ મોરીએ જી-૨૦ની ઐતિહાસિક ભૂમિકા, તેની કાર્યશૈલી, તેનું ત્રિપરિમાણીય માળખું, તેની સદસ્યમાહિતી, આમંત્રિત સદસ્યો, તેના શરૂઆતી આર્થિક સંરચના અને વિશ્વવ્યાપાર અભિગમ, માધ્યમ અને વિકાસશીલ અને વિકસીત રાષ્ટ્રો વચ્ચેનો તાલમેલ, આર્થિકનીતિ નિર્ધારણ, નાણામંત્રીઓ અને રાષ્ટ્રીય બેંક ગવર્નરથી લઈને નેતાઓ, રાષ્ટ્રપ્રમુખો અને અર્થશાસ્ત્રીઓ, જાહેર ચિંતકો, યુનો, યુ.એન.ડી.પી, આઈ.એમ.એફ અને ડબલ્યુ.એચ.ઓ જેવી વૈશ્વિક અને સ્થાનિક સંસ્થાઓની ભાગીદારી, જી-ટવેન્ટીની થીમ, લોગો અંતર્ગત "વસુધૈવ કુટુમ્બકમ" અને "એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્ય" ની રસપ્રદ માહિતી, લોગોમાં સપ્તદલીય કમળન અને સાત મહાસાગરની પરિકલ્પના, તેનું મહત્વ, પ્રકૃતિ અને તેની સજાગતા, સ્વાસ્થ્ય, કૃષિ, જલવાયુ પરિવર્તન, આતંકવાદ, ભ્રષ્ટાચાર, મુક્ત વ્યાપાર, સમવાયી અને ટકાઉ વિકાસ, પર્યાવરણીય સુરક્ષા અને સમગ્ર માનવજાતની ચિંતાની ભારતીય ભાવના, મૂલ્યો, સાંસ્કૃતિક અને અતુલ્ય વિરાસત તેમજ જી-૨૦ નાં શેરપા અને ટ્રઓયએકઆ અંતર્ગત તેનું ટ્રાયગંલ બિન સચિવાલીય માળખા તેમજ ૧ ડીસેમ્બર-૨૨ થી ૩૦ નવેમ્બર-૨૩ સુધીની ભારતીય પ્રમુખ પ્રતિનિધિત્વ,તે અંતગર્ત થનારી શેરપા બેઠકો, એજ્યુકેશન સમિટ, એનવઆર્યમએન્ટ સમિટ, ઈક્લુઝીવ ડેવલોપમેન્ટ, આર્કટેકચર સમિટ, સાયન્સ સમિટ, યુથ સમિટ, ભારતના ૫૬ નગરો, ગુજરાતની પંદર બેઠકો, નગરો તેમજ આ સાંસ્કૃતિક આદાન પ્રદાન અને શિખર સંમેલનની યાદી વગેરે વિશે રસપ્રદ માહિતી આપી હતી કાર્યક્રમનો આરંભ વિદ્યાર્થીઓએ વેદિક પ્રાર્થના અને સુંદર ભજનથી કરાવ્યો, સંચાલન મ.દે. ગ્રામસેવા સંકુલ સાદરા જી-૨૦ના કો ઓર્ડીનેટર ડૉ. મોતી દેવુ અને આભાર પ્રા. દિવ્યેશ ભટ્ટે કરાવ્યું સમગ્ર કાર્યક્રમનું સુચારૂ માર્ગદર્શન સંયોજક પ્રો.ડૉ.રાજેન્દ્ર જોશીએ આપ્યું હતું.

## ચિલોડા પંથકમાં બટાટા વધુ સારું ઉત્પાદન સાથે ખેડૂતો દ્વારા કાઢવાની કામગીરી પુરજોશમાં



ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર તાલુકાના પૂર્વવિસ્તારોમાં ચાલુ વર્ષેએલ.આર વેફર્સના બટાટા નુંમોટાપાયેમબલક વાવેતર નુંપ્રમાણ થયુંહતુંશિવરાત્રિ બાદ ખેડૂતો બટાટા કાઢવાની કામગીરી આરંભતા ખેડુતોએટ્રેક્ટર ટ્રોલી ગ્રેડીગ મશીનો મજૂરો ની મદદથી પુરજોશ માં જોતરાઈ ગયા છે હાલમાં ખેડૂતો એ અગાઉથી બટાટાના ભાવ રૂ.૨૪૨થી૨૫૧ ના ભાવથી વેચાણ નોંધણી કરાવી સલામતી મેળવી છે બટાટા કોલસ્ટ્રોરેજ માંજમા કરાવવા હેરફરી કરી રહ્યા છે હાલમાં બટાકાનું અનુકૂળ વાતાવરણ અને વધુ ખાતર ડ્રિપ ઈરેગેશન દવાનો પટ આપતા વધુ કદના બટાકા વધુ ઉત્પાદન પોષણશ્રમ વ્યાજબી ભાવ મળવાથી ખેડુતો કંઈક અંશે રાહત અને સંતોષની લાગણી અનુભવી રહ્યા છે એક વિઘામાંથી આશરે સરેરાશચારસો મણનો ઉતારો આવે છે તેવું ખડુતો જણાવી રહ્યા છે

ટચૂકડી જાહેર ખબર

**નામ બદલેલ છે**

મારું નામ હિયાંતી અમૃતભાઈ પરીખમાંથી બદલીને હિયાંતી ચિરાગ સોલંકી કરેલ છે.
રહે. ૨૭/૨, શિવાલિકા સોસા.-૨, કબીર એન્કલેવ પાસે, ઘુમા, અમદાવાદ

**Change of Date of Birth**

I, Gaurav want the gerneral public to know that the date of birth of my daughter Krisha Gaurav Mevada is 25th March 2013 and not 16th April 2013.
Sd/-
Gaurav Sitaram Mevada

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧